EDII

Divya Bhaskar

October 04, 2020
Page No.02
Of City Bhaskar

**વિશેષ | EDIIના એક્ઝિબિશનમાં એક્સપર્ટે કહ્યું : ચરતી ગાયોના દૂધમાં વિટામિન-A, C, ઓમેગા-6, 9 ભરપૂર છે**

# ગૌ-પેદાશો આધારિત નવા સ્ટાર્ટઅપની શરૂઆત થઇ

**DESI STARTUP**

સિટી રિપોર્ટર . અમદાવાદ

કોરોનાના કારણે લોકો ફરી નેચર તરફ વળ્યા હોવાથી ગૌ-આધારિત પેદાશોના ઉત્પાદનનું ચલણ વધ્યું છે. ઈડીઆઈઆઈ ઈનક્યુબેશન પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદના ગિરિશ પટેલે ગૌ-આધારિત ઉત્પાદન 'સાર્થક સાત્વિક' નામનું સ્ટાર્ટઅપ શરૂ કર્યુ છે. જેમાં બ્રાઉન પર્લ પ્રોડ્ક્ટ ઘી તેમજ દેશી છાશના ઉત્પાદનો છે. આ સ્ટાર્ટઅપથી 50 જેટલા પરિવારોને રોજગારી મળે છે.

આ સ્ટાર્ટઅપ હેઠળ તેમણે ગુજરાતમાં સૌથી વધારે જોવા મળતી દેશી તેમજ ચરતી ગાયનું શુદ્ધ ઘી મળે તે માટે વેબસાઈટ શરૂ કરી છે. લોથલ નજીક આવેલા ભાલ વિસ્તારમાં ચરતી ગાયોના દૂધમાં પોષક તત્વોનું પ્રમાણ સારું હોવાથી આ ગાયોનું દૂધ મેળવીને તેમાંથી દેશી ઘી બનાવય છે. ગુજરાતમાં કુલ 4 ઝોનમાં પશુપાલન થાય છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત. અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં ચરતી અને ગીરની જરસી ગાયો વધુ પ્રખ્યાત છે.

ભાલ પ્રદેશમાં ચરતી વગડાની ગાયોના દૂધમાં વિટામિન-એ, વિટામિન-સી, ઓમેગા-6 તેમજ ઓમેગા-9 સારા પ્રમાણમાં જોવા મળે છે. તેથી આ ગાયોના દૂધમાંથી બનતું ઘી વધુ ગુણકારી હોય છે. આ ઘી બનાવવા માટે દેશી રીત અપનાવવામાં આવે છે. સામાન્ય પદ્ધતિ મુજબ દૂધમાંથી ક્રીમ કાઢીને પછી ઘી બનાવવાની પ્રોસેસ કરવામાં આવે છે જ્યારે આ પદ્ધતિમાં યુનિટમાં દૂધમાંથી ડાયરેક્ટ દેશી વલોણા પદ્ધતિથી ઘી બનાવાવમાં આવે છે. આ પદ્ધતિથી બનતી પ્રોડક્ટમાં પોષક તત્વો જળવાઈ રહેતા હોવાથી તેની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

આ વિશે ગિરિશ પટેલે કહ્યું હતું કે આ સ્ટાર્ટઅપ કોરોના પહેલા શરૂ કર્યુ હતું. લૉકડઉનના કારણે ઈનવેસ્ટમેન્ટ અટવાયું હતું પરંતુ વેબસાઈટ પર ઈ-કોમર્સ સ્તરે 1000 જેટલા ગ્રાહકો જોડાયા છે. ગાય આધારિત ઉત્પાદનોમાં મને વધુ રસ હોવીથી સંશોધન કરીને આ ક્ષેત્રમાં આવવાનું નક્કી કર્યુ. અમે સ્ટાર્ટઅપને નાનાપાયે રાખવા ઈચ્છીએ છીએ. જેથી પ્રોડ્કટની ગુણવત્તા જળવાઈ રહે. અમારા યુનિટની ક્ષમતા રોજ 20 હજાર લિટર છે.

## EDIIના એક્ઝિબિશનમાં 80 પ્રતિનિધિઓ હાજર રહ્યાં

'સ્વદેશી ગાયોનું મહત્વ સમજાવવા અને ગાય આધારિત વિવિધ ઉત્પાદનોના ઉપયોગની માહિતી આપવા આપણે આગળ આવવું પડશે. રાષ્ટ્રીય કામધેનુ આયોગ અને ઈડીઆઈઆઈ આ ક્ષેત્રમાં ઉદ્યોગોની તક ઉત્પન્ન કરી વિઝનને આગળ વધારશે. કેન્દ્ર-રાજ્ય સરકારની એજન્સીઓ યોજનાઓ વિશે ખેડૂતોને વાકેફ કરી ગાયમાંથી પ્રાપ્ત આડપેદાશો વિશે માહિતી આપશે. તેમ એક્ઝિબિશનના મુખ્ય અતિથિ ભુપેન્દ્ર સિંહ ચુડાસમાએ કહ્યું હતું. ગાયના છાણ તથા મૂત્રની ઓળખ કરાવવી, ગાય પ્રવાસનને પ્રોત્સાહન આપવું, કાઉ-શેડ તથા મિલ્ક ઓનર્સ માટે કસ્ટમ ડિઝાઈન ક્ષમતા વિકસાવવા પ્રોગ્રામ બનાવવા અને સ્ટાર્ટઅપ્સ વિકસાવવા જેવી બાબતો પર એક્ઝિબિશનમાં ચર્ચા કરવામાં આવી હતી.